દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

ગુરુવાર ૧૭ એપ્રિલ, ૨૦૨૫

# રાહુલ ગાંધીની મહેનત, પણ કોંગ્રેસના છપાયેલા કાટલા ગુજરાતમાં કોંગ્રેસનો સંઘ કાશીએ પહોંચાડશે નહીં

જો હાલમાં દેશમાં છેલ્લાં 11 વર્ષથી ભાજપની સરકાર છે તો તેમાં મોટો ફાળો ગુજરાતનો છે. એવું નથી કે ગુજરાતના વધુ સાંસદો છે કે પછી ગુજરાતમાં મતદારો વધારે છે, પણ ગુજરાત એક એવું રાજ્ય છે કે જેને ભાજપે વર્ષો સુધી પોતાના શાસન માટેનું મોડેલ રાજ્ય ગણાવ્યું છે. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા તે પહેલા પણ ભાજપ ગુજરાતને દેશનું મોડેલ રાજ્ય તરીકે ગણાવતું હતું.

અન્ય કોઈ રાજ્યમાં ચૂંટણી હોય તો તેમાં પ્રચારમાં પણ ગુજરાતમાં ભાજપના શાસનનો ઉલ્લેખ કરવામાં આવતો હતો. ગુજરાતમાં 1990માં ભાજપ અને જનતાદળની સહિયારી સરકાર બની હતી અને બાદમાં 1995માં ગુજરાતમાં ભાજપની સરકાર બની હતી. ત્યારથી શરૂ કરીને ગુજરાતમાં ક્યારેય ભાજપે પાછું વળીને જોવું પડ્યું નથી.

એકમાત્ર 2017માં ગુજરાતમાં ભાજપ સત્તા ગુમાવે તેવી સ્થિતિ બની હતી પરંતુ 17 વધુ સીટ લઈને ભાજપે સરકાર બનાવી લીધી હતી અને ત્યારબાદ 2022માં 156 સીટનો ભાજપનો રેકોર્ડ છે. ગુજરાત ભાજપ માટે એક મોટો ગઢ ગણાય છે પરંતુ હવે કોંગ્રેસે અને ખાસ કરીને રાહુલ ગાંધીએ ભાજપનો આ ગુજરાતનો ગઢ તોડવા માટેના પ્રયાસો શરૂ કરી દીધા છે. ગુજરાતમાં જો કોંગ્રેસ હારી હોય કે હારતી રહી હોય તો તેના માટે સૌથી વધુ જવાબદાર એકમાત્ર કોંગ્રેસ જ છે. કોંગ્રેસને જ્યારે જ્યારે જીતવાનો મોકો મળ્યો ત્યારે કોંગ્રેસીઓએ જ ગદ્દારીઓ કરી છે. કોંગ્રેસના આ એવા ગદ્દારો છે કે જેમણે હોદ્દા માટે કોંગ્રેસમાં રહેવું છે અને નાણાં કમાવવા માટે ભાજપ સાથે ભાગીદારી કરવી છે. રાહુલ ગાંધીએ પણ તાજેતરમાં આજ વાત કરી છે.

તાજેતરમાં ગુજરાતમાં કોંગ્રેસે રાષ્ટ્રીય અધિવેશન યોજીને દેશમાં પાર્ટીને મજબૂત કરવા માટેની શરૂઆત ગુજરાતથી જ કરવાનો નિર્ણય કર્યો છે. અગાઉ રાહુલ ગાંધીએ લોકસભામાં એવો હુંકાર કર્યો હતો કે ભાજપને હું ગુજરાતમાં હરાવીશ. રાહુલ ગાંધીએ આ માટે પ્રયાસો શરૂ કર્યા છે. બે દિવસથી રાહુલ ગાંધી ગુજરાતમાં છે અને રાજ્યમાં કોંગ્રેસે જિલ્લા મોડલ લાગુ કરવાનો નિર્ણય કર્યો છે.

કોંગ્રેસ દ્વારા પાર્ટી ફંડના ઉપયોગનું મોડલ પણ બદલવામાં આવશે. રાહુલ ગાંધીએ ગુજરાતમાં કાર્યકર્તા સંમેલનમાં એવું જણાવ્યું કે, જે કાર્યકર જિલ્લામાં કોંગ્રેસને મજબૂત કરી શકે તેને જિલ્લા પ્રમુખ બનાવવામાં આવશે. આ માટે કોંગ્રેસ દ્વારા બૂથ લેવલ પર કામ કરવામાં આવશે. જો સરકાર બની અને મંત્રી બનાવવાની વાત આવી તો પણ તેમાં જે તે વ્યક્તિ પોતાના વિસ્તારમાં કોંગ્રેસની કેટલી સીટ લાવી શક્યો તેના આધારે મૂલ્યાંકન કરવામાં આવશે.



જો માત્ર નેતા જ જીત્યો અને તેના વિસ્તારની બેઠકો હાર્યો તો તેવા નેતાને મંત્રી બનાવવામાં આવશે નહીં. સિનિયર નેતાને પણ પૂછવામાં આવશે કે તમારો બૂથ નંબર કયો છે અને તેમને કેટલા મત મળ્યા છે. જિલ્લા પ્રમુખોનું સમયાંતરે મોનિટરિંગ થશે. જે જિલ્લાની મીટિંગમાં હાજર નહીં રહે તે વિધાનસભા કે લોકસભાની ચૂંટણી લડી શકશે નહીં. વધુને વધુ મહિલાઓને હોદ્દેદારો તરીકે જોડવામાં આવશે. પાર્ટી ચલાવવા માટે જિલ્લા પ્રમુખને હપ્તે હપ્તે ફંડ મળશે અને જિલ્લા પ્રમુખ પણ ફંડ એકત્ર કરવાનું કામ કરશે. નવી જનરેશનને કોંગ્રેસમાં લાવવામાં આવશે. સંગઠનના માધ્યમથી ઉમેદવાર નક્કી કરવામાં આવશે. ગુજરાતમાં આ પાયલોટ પ્રોજેક્ટ રહેશે અને બાદમાં તે સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે. હવે જનતા માટે લડનાર જ કોંગ્રેસમાં નેતા બનશે. માત્ર નિવેદન આપનારાને નેતા બનાવવામાં આવશે નહીં. ભાજપ સાથે ભળેલાને કોંગ્રેસમાંથી હાંકી કાઢવામાં આવશે.

રાહુલ ગાંધીએ ગુજરાતમાં ઉક્ત વાતો કરીને કોંગ્રેસને મજબૂત કરવાની તૈયારીઓ કરી છે પરંતુ ખાટલે મોટી ખોડ એ છે કે હાલમાં પણ જે નેતાઓ છે તે કોઈપણ કાળે કોંગ્રેસને જીતાડી શકે તેમ નથી.

તાજેતરમાં કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં જિલ્લા પ્રમુખોની પસંદગી કરવા માટે કોંગ્રેસના સીનિયર નેતાઓની યાદી તૈયાર કરી હતી પરંતુ જોવા જેવી વાત એ છે કે આ યાદીમાં એવા નેતાઓ છે કે જેઓ મહાપાલિકાની ચૂંટણી પણ જીતી શકે તેમ નથી. આટલું જ નહીં, આ યાદીમાં સંખ્યાબંધ એવા નેતાઓ છે કે જેણે ભૂતકાળમાં કોંગ્રેસની ટિકિટો વેચી છે. ભાજપ સાથે ભાગીદારી કરી છે. મોટાપાયે જુથવાદ ચલાવ્યો છે. જો આવા નેતાઓને નિરીક્ષક તરીકે મૂકવામાં આવશે તો સારા જિલ્લા પ્રમુખોની કેવી રીતે પસંદગી થશે તે મોટો પ્રશ્ન છે. રાહુલ ગાંધી ગમે તેટલા પ્રયાસો કરે પરંતુ આવા નેતાઓને જ્યાં સુધી કોંગ્રેસમાંથી રવાના નહીં કરે ત્યાં સુધી કોંગ્રેસનો ક્યારેય ઉદ્ધાર થવાનો નથી. દેશની વાત તો દૂર છે, કોંગ્રેસ ગુજરાતમાં પણ આગામી વિધાનસભા જીતી શકે તેમ નથી તે હકીકત છે.

# અર્થવ્યવસ્થા માટે ઊર્જા સલામતી અને ઊર્જા સમતુલન ખૂબ અગત્યનાં છે

## ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

**છેલ્લા એક દાયકામાં વિશ્વની ઊર્જા વ્યવસ્થા વધુ ને વધુ અટપટી થતી ચાલી છે. વધુ ને વધુ વિકાસની સાથે ઊર્જાની વધુ ને વધુ જરૂરિયાત સ્વાભાવિક બની છે. ૨૦૨૨થી મેક્રોઈકોનોમિક અને જીઓપૉલિટિકલ પડકારો બદલાયા છે**

છેલ્લા કેટલાક દાયકાઓમાં ધીરે ધીરે ધ્યાન ઊર્જા સલામતી પર ખસેડાયું છે. હવે જ્યારે ઊર્જા પુરવઠાની વાત કરીએ ત્યારે આપણે 'સિક્યોર્ડ એનર્જી સપ્લાય'એટલે કે આધારભૂત ઊર્જા પુરવઠા અંગેની વાત કરીએ છીએ. કુલ ઊર્જા પુરવઠો કુલ જરૂરિયાત કરતાં વધારે ભલે ઉપલબ્ધ હોય પણ એમાં વચ્ચે વચ્ચે પુરવઠો ખોરવાતો હોય તો એની ગુણવત્તા એનો પૂરેપૂરો ઉપયોગ કરવા દેતી નથી એમ કહી શકાય અને તેટલે અંશે આ પ્રકારનો ઊર્જા પુરવઠો આધારભૂત અને સલામત ઊર્જા પુરવઠો નથી તેમ કહી શકાય.

યુદ્ધ અને અશાંત પરિસ્થિતિને કારણે ખોરવી નાખી શકાય તેવો ઊર્જા પુરવઠો પણ આધારભૂત નથી જ. આ કારણથી ઊર્જા પુરવઠો માત્ર ઉપલબ્ધ હોય તે પૂરતું નથી પણ એ આધારભૂત અને સલામત રીતે ઉપલબ્ધ હોવો જોઈએ જેથી ઉત્પાદનની પ્રક્રિયા અથવા અન્ય કોઈ ઉપયોગ માટે (એરકન્ડીશનીંગ અથવા હીટીંગ) માટે વપરાતો વીજ પુરવઠો જો વચ્ચે વચ્ચે ખોરવાઈ જાય તો ઉત્પાદનને તો નુકસાન થાય જ છે પણ સંબંધિત મશીનરીને પણ નુકસાન થાય છે. આમ, પ્રોડક્શન લૉસ તેમજ વધારાની મેન્ટેનન્સની જરૂરિયાત એ બંને કારણસર ચિત્રમાં આવે છે એ ખ્યાલ હોવો જોઈએ.

૨૦૨૧ના ઉનાળામાં કોવિડ-૧૯માં આવેલ ઘટાડાને પરિણામે પણ વૈશ્વિક ઊર્જાની માંગ વધી. માંગ અને પુરવઠાનો સિદ્ધાંત અહીં અમલમાં આવ્યો. ૨૦૨૧ના બીજા અર્ધવાર્ષિક ગાળામાં નેચરલ ગૅસ, કોલસો અને ઑઈલના ભાવ એકદમ ઊંચકાયા. આને પરિણામે ઊર્જાની કુલ કિંમતો વધી અને અમેરિકાએ જે કોઈ પણ પ્રકારની કટોકટીને પહોંચી વળવા માટે વ્યૂહાત્મક અનામત જથ્થો રાખ્યો હતો તેમાંથી નવેમ્બર, ૨૦૨૧માં માલ છૂટો કરવો પડ્યો. આમ, યુદ્ધ જેવી પરિસ્થિતિ પણ ઊર્જાના પુરવઠામાં ભંગાણ, ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા ખોરવાવી તેમજ કેટલાક કિસ્સાઓમાં આર્થિક પ્રતિબંધો વગેરે કારણોસર વિશ્વમાં ઊર્જાની માંગ અને પુરવઠો બે વચ્ચેનું સંતુલન ખોરવાય છે.

ઊર્જા સમતુલનમાં અને સિક્યોરિટીમાં પહેલો પડકાર એનર્જી ટ્રાન્ઝિશન (ઊર્જા પરિવહન)નો છે તેમજ ટાઈમીંગ એટલે કે સમયપત્રક એનો બીજો પડકાર છે. છેલ્લા એક સૈકામાં આ બંને પ્રકારના પડકારો વધુ ને વધુ તીવ્ર બનતા ચાલ્યા છે. વૈશ્વિક અર્થવ્યવસ્થા છેલ્લા ૨૫ વર્ષના ગાળા દરમિયાન સો ટ્રિલિયન ડૉલરને પાર કરી ગઈ. આમ વૈશ્વિક અર્થવ્યવસ્થામાં યંત્રયુગની શરૂઆત બાદ આવેલ આ વધારો વિશ્વના સમગ્ર ઊર્જા સમતુલન અને સલામતી મૂળભૂત રીતે પરિવર્તન પામ્યાં છે.

છેલ્લા એક દાયકામાં વિશ્વની ઊર્જા વ્યવસ્થા વધુ ને વધુ અટપટી થતી ચાલી છે. વધુ ને વધુ વિકાસની સાથે ઊર્જાની વધુ ને વધુ જરૂરિયાત સ્વાભાવિક બની છે. ૨૦૨૨થી મેક્રોઈકોનોમિક અને જીઓપૉલિટિકલ પડકારો બદલાયા છે. આની સાથોસાથ વિશ્વવ્યાપારનું ક્લેવર પણ બદલાતું ચાલ્યું છે. ૨૦૨૨ અને ૨૦૨૩ દરમિયાન જે પરિવર્તનો આવ્યાં તેમાં વૈશ્વિક સ્તરે ટકી રહેવા માટે ઊર્જાની મહત્તમ ઉપલબ્ધિ અને સમયમર્યાદા મુજબનું એનું ઉત્પાદન બે અગત્યનાં કારણો રહ્યાં છે.

ઊર્જાનો ઉપયોગ માનવ સંસ્કૃતિના વિકાસની સાથે વધતો જાય છે અને એક દિવસ એવો આવશે કે જ્યારે ઊર્જા ખતમ થઈ જશે એવી મનહૂસ આગાહીમાં માનવા માટેનું કોઈ જ કારણ હું જોતો નથી. 'એનર્જી એફિશિયન્ટ મેઝર'ની વ્યાખ્યા જ આપણને આ આત્મવિશ્વાસ અપાવવા માટે કાફી છે.

આ વ્યાખ્યા મુજબ વધુ ને વધુ ઓછી ઊર્જાનો વપરાશ કરીને એટલું જ ઉત્પાદન મેળવવું અથવા એરકન્ડીશનીંગ, કુલીંગ કે હીટીંગ ક્ષેત્રે એટલાં જ પરિણામો મેળવવા તેને ઊર્જાનો અસરકારક ઉપયોગ કરી મહત્તમ પરિણામો મેળવવાની પ્રક્રિયા કહી શકાય. આના કેટલાક દાખલા જોઈએ:

અ. આજે એનર્જી એફિશિયન્ટ લાઈટ બલ્બ (એલઈડી) ઘણી બધી ઊર્જા બચાવી આપે છે.

બ. એનર્જી એફિશિયન્ટ મકાન પ્રોપર ઈન્સ્યુલેશન અને હવાના સરક્યુલેશનના નિયમન થકી મકાનને ગરમ અથવા ઠંડું રાખવા માટે ઓછી ઊર્જા વાપરે છે.

ક. એનર્જી એફિશિયન્ટ ફેક્ટરી એટલું જ ઉત્પાદન મેળવવા માટે પ્રમાણમાં ઓછી ઊર્જા વાપરે છે. આને કારણે ઊર્જાનો વપરાશ ઘટે છે. પર્યાવરણ પર પડતો એનો પ્રભાવ ઘટે છે, ઓછું પ્રદૂષણ થાય છે અને સંસાધનોનો બચાવ થાય છે. કોલસો, તેલ કે નેચરલ ગૅસ જેવાં કુદરતી સંસાધનો એનર્જી એફિશિયન્સીના કારણે બચાવી શકાય છે. ટૂંકમાં એક એકમ જીડીપીનું ઉત્પાદન કરવા માટે અથવા તો એક એકમ પુલીંગ કે હીટીંગ કરવા માટે જેટલી ઊર્જા ઓછી વાપરી શકાય તેટલો ઊર્જાનો બચાવ કર્યો કહેવાય અથવા એનર્જી એફિશિયન્સી હાંસલ કર્યું તેમ કહી શકાય. જે દેશ ઓછામાં ઓછી ઊર્જાનો ઉપયોગ કરી એક જીડીપીનું ઉત્પાદન કરે તે સૌથી વધુ એનર્જી એફિશિયન્ટ છે.

યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ એનર્જી દ્વારા એનર્જી એફિશિયન્ટ પ્રોડક્ટ અને ટેક્નોલૉજીનું લિસ્ટ આપવામાં આવે છે. તેવી જ રીતે બ્યૂરો ઑફ એનર્જી એફિશિયન્સી (ઈન્ડિયા), એનર્જી કન્ઝર્વેશન ગાઈડ લાઈન અને સ્ટાન્ડર્ડ્સ અંગેની વિગતો આપવામાં આવે છે.

ભારતમાં સૌથી વધારે એટલે કે લગભગ ૬૦ ટકા ઊર્જા કોલસામાંથી મેળવાય છે. ત્યાર પછી બીજા નંબરે ઑઈલ એટલે કે ખનિજ તેલ ૨૮.૧ ટકાના હિસ્સા સાથે આવે છે. ત્યાર પછી ગૅસ (૭.૧૫ ટકા), ત્યાર પછી રીન્યુએબલ એટલે કે પુનઃપ્રાપ્ય ઊર્જા (૨.૨૨ ટકા) અણુઊર્જા (૧.૩૭ ટકા) અને છેલ્લે હાઈડ્રો પાવર એટલે કે જળવિદ્યુત (૧.૨૬ ટકા) આવે છે. ભારતે જો ઊર્જાના સક્ષમ વપરાશ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું હોય તો હાઈડ્રો, રીન્યુએબલ અને ન્યુક્લિઅર વીજળી પર ધ્યાન કેન્દ્રિત કરવું પડે. કોલસો અને ક્રુડ ઑઈલ કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જન માટે પણ એટલા જ જવાબદાર છે એટલે પર્યાવરણની દૃષ્ટિએ પણ ક્રુડ ઑઈલના વપરાશથી પેદા થતી ઊર્જા આપણું ધ્યાન આકર્ષવી જોઈએ. જો આમ થાય તો ભારત ઊર્જાની કિંમત તેમજ પર્યાવરણ નિયંત્રણ પાછળનો ખર્ચ બંને બચાવી શકે અને એ રીતે એક મહત્ત્વનો ઉત્પાદક દેશ બની શકે. ઊર્જા અને પર્યાવરણ માત્ર બે પર જ ધ્યાન આપીને જો નવી ટેક્નોલૉજી ડેવલોપ કરવામાં આવે તો ભારતીય માલ-સામાન જગતના બજારમાં પોતાનો દબદબો જમાવી શકે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ઓળખ માતૃત્વની



અકબર બાદશાહના દરબારમાં એક ઘોડાનો મોટો સોદાગર આવ્યો. તેની પાસે જાતજાતનાં જાતવાન ઘોડા ઘોડીઓ હતાં. એમાં સૌરાષ્ટ્રની ઘોડીઓ વિશેષ હતી. અકબર બાદશાહ બીરબલ અને અન્ય દરબારીઓ સાથે સોદાગરના ઘોડા નિહાળી રહ્યા હતા. દરેક ઘોડા પાસે લઈ જઈને સોદાગર ઘોડાની જાત, તેની જાતિ, તેની ઉંમર, તેની ખાસિયત વગેરેની ખાસ માહિતીઓ આપી રહ્યો હતો. એક પછી એક ઘોડા જોતાં બધા આગળ વધતા જતા હતા. સોદાગર બે ઘોડા આગળ આવીને ઊભો. તેણે આંગળી ચીંધીને કહ્યું કે 'આ એક અનોખી જોડી છે. આ બંને ઘોડી છે, દેખાવે, રંગે, રૂપે, શરીરના કદ, કાઠી, બધી જ રીતે એકદમ સરખી છે. બધા બંને ઘોડીઓને ધ્યાનપૂર્વક જોવા લાગ્યા. સાચે જ બંને ઘોડીઓ આબેહુબ સરખી હતી. સોદાગરે હવે એક પડકાર આપતાં કહ્યું કે, 'આ બંને સરખી ઘોડીઓમાં એક મા છે અને એક દીકરી છે. હવે આ જોડીમાં મા કોણ છે? અને દીકરી કોણ છે? એ આપમાંથી કોઈ કહી બતાવે તો મારા તરફથી આ બંને ઘોડીઓ તેને ભેટ આપવામાં આવશે.'બધા એક પછી એક બારીકાઇથી નિરીક્ષણ કરવા લાગ્યા.



બાદશાહ અકબરની અશ્વશાળાના નિષ્ણાતો, ઘોડાના રક્ષકો દરબારીઓ બધાએ જ નિરીક્ષણ કર્યું પણ કોઈને કોઈ જ ખબર પડી નહીં. હવે શું કરવું? બધાની નજર બીરબલ પર ગઈ. બીરબલ ઊંડા વિચારોમાં હતો. બીરબલે ઊભા થઈ બાદશાહના અશ્વપાલકોમાંથી એકને કહ્યું "બે સરખા માપની એક ઘોડાનું મોઢું જ જાય એવી તપેલીમાં બે બે કિલો ચણા અને ગોળ ભરી આ બંને ઘોડીની સામે મૂકી દો.' અશ્વપાલકે બીરબલની સૂચના પ્રમાણે કર્યું. બંને ઘોડીઓ ચણા ગોળ ખાવા લાગી. બંનેમાંથી જે જુવાન ઘોડી [ દીકરી ] હતી તે ઝડપભેર પોતાની તપેલીના ચણા ખાઇ ગઈ અને પછી તેણે તરત જ બીજી તપેલીના ચણા ગોળ ખાવા મોઢું નાખ્યું. પરંતુ બીજી તપેલીમાં એક જ ઘોડીનું મોઢું અંદર જઈ શકે અને ચણા ખાઇ શકે તેમ હતું એટલે મોટી ઘોડી, જે મા હતી તેણે તરત જ પોતાનું મોઢું હટાવી દીધું અને પોતાના ભાગના ચણા યુવાન ઘોડી એટલે પોતાના બચ્ચા, પોતાની દીકરીને ખાવા માટે આપી દીધું, પોતે દૂર ખસી ગઈ. બીરબલે આ બધું જ ધ્યાનપૂર્વક જોયું અને નિર્ણય જાહેર કર્યો કે જેણે તપેલી છોડી દીધી છે તે ઘોડી મા છે અને બીજી ઘોડી તેની દીકરી છે. સોદાગરે બંને ઘોડી બીરબલને ભેટ આપી. બાદશાહે કહ્યું, 'બીરબલ, શાબાશ પણ તેં કઈ રીતે પારખી લીધું?'બીરબલે જવાબ આપ્યો, 'બાદશાહ, કોઈ પણ માતા હોય, પોતાના બચ્ચા અને બાળક માટે ત્યાગ કરવો તે જ માતૃત્વની ઓળખ છે.'

# મેરી કોશિશ હૈ કિ યે સૂરત બદલની ચાહિયે

## ફીર દેખો યારોં

બીરેન કોઠારી

**પ્રદર્શિત કરાયેલાં ડુક્કરનાં બચ્ચાં સાથે થાય છે એવો જ વહેવાર બહાર બીજાં હજારો ડુક્કર અને તેનાં બચ્ચાં સાથે કરવામાં આવે છે, પણ એનાથી કોઈના પેટનું પાણી સુદ્ધાં હાલતું નથી. આ જોઈને ખ્યાલ આવે કે પ્રાણી સાથે કેવો વહેવાર થાય છે!**

'કળા ખાતર કળા' અને 'જીવન ખાતર કળા' જેવી વિભાવના ઓગણીસમી અને વીસમી સદીમાં ઘણી ચર્ચાતી રહી. આ સદીમાં અનેક યુદ્ધ થયાં, સમગ્ર વિશ્વનાં ઈતિહાસ અને ભૂગોળ બદલાતાં રહ્યાં, દૂર રહ્યે રહ્યે વાર કરી શકાય એવાં શસ્ત્રોનો ઉપયોગ જોવા મળ્યો. આ બધાની સીધી અસર માનવજીવન પર થતી રહી. કળાનાં અનેક સ્વરૂપો પણ આ ગાળામાં વિકસતાં ગયાં, વધુ વ્યાખ્યાયિત થતાં ગયાં. કળા એક એવા સમૂહ માધ્યમ તરીકે ઊભરતું ગયું કે જે જનસામાન્યને પ્રભાવિત કરી શકે. કળાકારો વખતોવખત પોતાની કળા દ્વારા કોઈ મુદ્દે લોકોનું ધ્યાન આકર્ષવા પ્રયત્ન કરતા આવ્યાં છે. ઘણા કિસ્સામાં લોકોની સંવેદનાઓને ઝંઝોડવામાં તેઓ સફળ નીવડે છે, તો મોટા ભાગના કિસ્સાઓમાં તેઓ પ્રસાર માધ્યમનાં મથાળાંમાં ચમકવાથી વિશેષ રીતે ધ્યાન આકર્ષી શકતાં નથી.

આવો વધુ એક કિસ્સો માર્ચ 2025ના પ્રથમ સપ્તાહમાં બન્યો. લ્યુસિઆ, સાયમન અને બેન્જામિનની ચોરી થઈ. આ નામ ડુક્કરનાં ત્રણ બચ્ચાંનાં છે. ચોરી થઈ એ સ્થળ છે ડેન્માર્કના શહેર કોપનહેગનમાં યોજાયેલું એક ચિત્રપ્રદર્શન. આટલું જાણીને સવાલ થયા વિના રહે નહીં કે ડુક્કરનાં બચ્ચાં આર્ટ ગેલરીમાં શું કરતાં હતાં.

મામલો જાણવા જેવો છે. ડેનીશ કલાકાર માર્કો ઈવેરીસ્તીએ એક પ્રદર્શન યોજ્યું હતું, જેમાં તેમણે વિવિધ ઈન્સ્ટોલેશન પ્રદર્શિત કર્યાં હતાં. ઈન્સ્ટોલેશનને સ્થાપનકળા તરીકે ઓળખાવવામાં આવે છે. એ ત્રિપરિમાણીય અને વિવિધ સામગ્રીના ઉપયોગથી બનાવી શકાય છે. માર્કોએ બીજી અનેક કળાકૃતિઓની સાથોસાથ ડુક્કરનાં ત્રણ બચ્ચાંને પ્રયોજીને એક કૃતિ તૈયાર કરી. સમગ્ર પ્રદર્શનનું નામ રાખ્યું, 'એન્ડ નાઉ યુ કેર?' એટલે કે 'છેક હમણાં તમને દરકાર લેવાનું સૂઝ્યું?' તેમનું આ શીર્ષક બહુ સૂચક હતું. ડેન્માર્કમાં ફાલેલા ડુક્કરના માંસના ઉદ્યોગને કારણે થતી ડુક્કરની બદહાલી તરફ ધ્યાન દોરવાનો તેમનો ઉદ્દેશ હતો. બદતર સ્થિતિમાં ઉછરી રહેલાં હજારો ડુક્કરો મરણને શરણ થાય છે. આ હકીકત બાબતે ડેનિશ લોકોને 'જાગ્રત કરવાનો' તેમનો હેતુ હતો.

બે શોપિંગ કાર્ટને આડી પાડીને તેનાથી બનતી પાંજરા જેવી જગ્યામાં પરાળ મૂકીને તેની પર ડુક્કરનાં ત્રણ બચ્ચાંને કૃતિ તરીકે પ્રદર્શિત કરાયાં હતાં. વધુમાં આ પ્રદર્શન કલાકારે એક ભૂતપૂર્વ કસાઈના વેરહાઉસમાં યોજેલું. દિવાલ પર વિશાળ કદનો ડેન્માર્કનો ધ્વજ તેમજ કતલ કરાયેલાં ડુક્કરનાં ચિત્રો ટાંગવામાં આવેલાં. આશય એ હતો કે તેમને માત્ર પાણી પર જ રાખવામાં આવે અને કશો ખોરાક ન અપાય. આ રીતે તેઓ પાંચ દિવસ સુધી ટકી શકે અને છેલ્લે મૃત્યુ પામે. આ પાંચ દિવસ દરમિયાન કલાકાર માર્કો પોતે પણ કશો ખોરાક લેવાના ન હતા. આમ કરવાનો હેતુ એ દર્શાવવાનો હતો કે પ્રદર્શિત કરાયેલાં ડુક્કરનાં બચ્ચાં સાથે થાય છે એવો જ વહેવાર બહાર બીજાં હજારો ડુક્કર અને તેનાં બચ્ચાં સાથે કરવામાં આવે છે, પણ એનાથી કોઈના પેટનું પાણી સુદ્ધાં હાલતું નથી. આ જોઈને તેમને એટલો તો ખ્યાલ આવે કે પોતે જેનું માંસ આરોગે છે એ પ્રાણી સાથે કેવો વહેવાર કરવામાં આવે છે! આ પ્રદર્શન થકી લોકોનું ધ્યાન દોરાય ન દોરાય ત્યાં પ્રાણીઓના હિત માટે કામ કરતાં કેટલાંક કાર્યકર્તાઓએ વિરોધ નોંધાવ્યો. જે ક્રૂરતાનો પોતે વિરોધ કરી રહ્યા છે એ જ ક્રૂરતા તેઓ પોતે જ આચરી રહ્યાં હોવાનો તેમની પર આક્ષેપ મૂકાયો. કાર્યકર્તાઓ સ્થળતપાસ માટે આવ્યાં અને તેઓ નીકળ્યા એ પછી ગણતરીની મિનિટોમાં જ ડુક્કરનાં બચ્ચાં અદૃશ્ય થઈ ગયાં. પછી એમ પણ જણાયું કે માર્કોના એક મિત્રે જ આ કામમાં સહાય કરી હતી.

'ડેનિશ એગ્રીકલ્ચર એન્ડ ફુડ કાઉન્સિલ'ના આંકડા અનુસાર ડેન્માર્કમાં ડુક્કરનો ઉછેર કરતાં પાંચેક હજાર ફાર્મ છે, જેમાં વરસે દહાડે 2.8 કરોડ ડુક્કરનો ઉછેર કરવામાં આવે છે. એમાંના ઘણાની કતલ કરવામાં આવે છે, જેમાંના 70 ટકાથી વધુ માંસનો જથ્થો યુરોપિયન યુનિયનમાં નિકાસ કરવામાં આવે છે. એનિમલ પ્રોટેક્શન ડેન્માર્કના ફાર્મ એનિમલ્સ એન્ડ મીન્કનાં મુખ્ય સલાહકાર બર્જટ ડેમના જણાવ્યા મુજબ રોજેરોજ ડેન્માર્કનાં ફાર્મોમાં પચીસેક હજાર જેટલાં ડુક્કરનાં બચ્ચાં મૃત્યુ પામે છે. એનું મુખ્ય કારણ ભૂખમરો છે, કેમ કે, ડેન્માર્કની માદા ડુક્કર વીસ બચ્ચાંને જન્મ આપી શકે એવી રીતે તેની જાતને તૈયાર કરવામાં આવી છે, પણ તેને ફક્ત ચૌદ જ સ્તનાગ્ર હોય છે, જેથી તમામ બચ્ચાંને પૂરતું દૂધ મળી શકતું નથી. ડેમે કહ્યું, 'ડેનિશ ડુક્કર ઉદ્યોગ ક્ષેત્રે લાખો ડુક્કર પ્રત્યે સેવાતી બેદરકારી અને તેના માટે વ્યાપેલાં ગુસ્સો તથા હતાશાને અમે બરાબર સમજીએ છીએ. દાયકાઓથી આ ચાલી રહ્યું છે અને એ તદ્દન અસ્વીકાર્ય બાબત છે. આમ છતાં, પોતાનો મુદ્દો પુરવાર કરવા માટે ત્રણ બચ્ચાંને આ રીતે મરવા દેવાની મંજૂરી આપી શકાય નહીં.'

બચ્ચાં ચોરાઈ જવાની ઘટના બનતાં જ માર્કોએ પ્રદર્શન અટકાવી દીધું. પ્રદર્શિત કરાયેલાં ત્રણ બચ્ચાંનો જીવ બચ્યો હોવાનો આનંદ થાય એ સ્વાભાવિક છે, પણ જે મુદ્દો ઉઠાવવા માટે માર્કોએ આ કર્યું એનું શું? બર્જટ ડેમે સુદ્ધાં વાસ્તવિકતાનો સ્વીકાર કર્યો છે એનો અર્થ એ કે આ પરિસ્થિતિ કંઈ અજાણી કે અણધારી નથી. પણ એ દિશામાં ભાગ્યે જ કશાં નક્કર પગલાં લેવાશે એમ લાગે છે.

માર્કો જેવાં કલાકારો 'જીવન ખાતર કળા' કરવા જાય ત્યારે તેમની અભિવ્યક્તિમાં રહેલી આત્યંતિકતાને કારણે વગોવાય છે, પણ એથી અનેક ગણી આત્યંતિકતા સૌને કોઠે પડી ગઈ છે અને રોજિંદા જીવનમાં સહજસ્વીકૃત બની રહી છે એ બાબતે ભાગ્યે જ વિચારાય છે.

**(શીર્ષક પંક્તિઃ દુષ્યંતકુમાર)**

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## તમામ ઉચ્ચ પદઅધિકારીઓ સંપત્તિ જાહેર કરે

હાલમાં જ આગની ઘટનાના અનુસંધાનમાં એક ન્યાયાધીશના ઘરેથી કરોડો રૂપિયા રોકડા પ્રાપ્ત થયા હતા, બાદ સુપ્રિમ કોર્ટે તમામ ન્યાયાધીશોને તેમની સંપત્તિ વેબસાઈટ પર જાહેર કરવાનો આદેશ આપ્યો હતો. જેમાંથી 12 ટકા ન્યાયાધીશોએ પોતાની સંપત્તિ જાહેર કરી હતી. જનતાનો પ્રશ્ન એ છે કે માત્ર ન્યાયાધીશો જ શા માટે? તમામ ઉચ્ચ પદાધિકારીઓ જે જનહિતમાં કાર્ય કરે છે તે તમામ અધિકારીઓ તેમની સંપત્તિ જાહેર કરી પોતાની કાર્યનિષ્ઠા અને પ્રામાણિકતાનું ઉદાહરણ રજૂ કરવું જોઇએ, જેથી દેશની જનતાનો દેશની વ્યવસ્થા, પ્રણાલિકા અને સીસ્ટમ પર વિશ્વાસ અકબંધ રહે જે જરૂરી છે.

**સુરત – રાજુ રાવલ**

## દત્તક લેવામાં 80 ટકા દંપતીની પહેલી પસંદ દીકરી

વર્તમાન સમયમાં દીકરી એટલે ભારો એવી ભયંકર માનસિકતામાંથી આપણો સમાજ હવે બહાર આવી રહ્યાના અહેવાલો જણાવે છે. 2014-15થી લઇ 2023-24 સુધી દત્તક લેવાના બનાવોમાં દીકરા કરતાં દીકરીને પ્રથમ કરવામાં આવી છે. સમાજમાં પરિવર્તનનો સકારાત્મક પવન ફૂંકાવા લાગ્યો છે. નિઃસંતાન માતાપિતા દ્વારા દત્તક લેવામાં આવતાં બાળકોમાં દીકરીને દત્તક લેવાનું પ્રમાણ સતત વધી રહ્યું છે. એ સારી નિશાની છે. વિદેશમાં રહેતાં માતાપિતા પણ દેશમાં આવી દીકરીને જ દત્તક લઇ ભણાવી-ગણાવી પગભર કરવા તત્પર હોય છે. 2014 થી 2024 સુધીમાં 394 દીકરા અને 509 દીકરીઓને દત્તક લેવાના એક સર્વે દ્વારા જાણવા મળ્યું છે. નિઃસંતાન દંપતીઓનું ચોક્કસપણે માનવું છે કે દીકરા કરતાં દીકરી જ તેમને ઘડપણમાં સાથ આપશે. એક ફોન કરતાં જ દીકરી પિયરમાં આવી માતા-પિતાના દુઃખમાં સહભાગી થશે. શહેર નહિ, ગ્રામ્ય વિસ્તારનાં દંપતીઓ પણ હવે સંતાન તરીકે દીકરી જ વધુ પસંદ કરે છે.

**સુરત – રમીલા પરમાર**

## કબૂતરને ચણ

હાલમાં મુંબઈ મહાનગરપાલિકાએ જાહેર રસ્તા કે જાહેર સ્થળોએ પક્ષીઓને ચણ નાંખનાર માટે પાંચસો રૂપિયાના દંડની વાત કરી છે.આ તકલીફ મોટા ભાગનાં શહેરોમાં જોવા મળે છે.આવી રીતે જાહેર માર્ગ કે સ્થળો પર આવાં કાર્યોની શરૂઆત ધીમી હોય છે પણ પછી આવા વિસ્તારો પર રીતસરનો કબ્જો જમાવી લેવામાં આવે છે. ઘણાં સ્થળોએ તો આને લીધે ટ્રાફિકની સમસ્યા વકરી જાય છે. પશુ પક્ષી માટે જીવદયા હોય, એમની સેવા થાય એ બધી વાત સાચી પરંતુ એમની સેવા કરતાં કરતાં મનુષ્યોને સહન કરવાનું આવે એ યોગ્ય નથી. ખાસ કરીને કબૂતરની ચરકથી મનુષ્યને શ્વાસ સંબંધિત સમસ્યા પણ થઈ શકે છે.આથી આ કાર્ય માટે યોગ્ય આયોજનપૂર્વક કાર્ય કરવું જોઇએ.જરૂર પડે તો આપણાં પણ મહાનગરોમાં જાહેર સ્થળોએ કરવામાં આવતાં આવાં કાર્યો માટે દંડની જોગવાઇ કરવી જોઈએ.

**સુરત - કિશોર પટેલ**

## કોમેડીનો સીરિયસ વેપાર

એક સમય એવો હતો કે કોમડિયન પોતાની ઓળખ આપવામાં નાનપ-શરમ અનુભવતાં, લોકોને વળી દાંત કાઢવાનો કંઇ બિઝનેસ હોતો હશે. હવે એ જ કોમેડિયન સગર્વ પોતાની ઓળખ આપે છે અને શો કરવાના હજારો લાખો રૂપિયા મેળવે છે. ગુજરાતનું ડાયરા જગત કોમેડીની અસરથી બાકાત નથી. કોમેડીનું મહત્ત્વ ભારતમાં છેલ્લા બે એક દાયકામાં બહુ વધ્યું. એમાં વિવિધ પ્રકારો ઉમેરાયા તે એક પ્રકાર સ્ટેન્ડ અપ કોમેડી. ઓન ધ સ્પોટ જોક સર્જી કહી શકાય તેને સ્ટેન્ડ અપ કોમેડી કહેવાય. હવે જો કે તેની વ્યાખ્યા અને વ્યાપ બન્ને વિસ્તરી ચૂકયાં છે. શરૂઆત પશ્ચિમના દેશોમાં તો 1950ના દાયકાથી થઇ હતી. સ્ટન્ડ અપની વાત ન કરીએ અને સમગ્ર કોમેડી-જગતે આગવું અર્થતંત્ર ઊભું થયું છે. વળી કોમેડિયન જાણી જોઈને વિવાદ થવા દેતા હોય છે. હસવું એ ગામ માટે હોઈ શકે. કલાકારો માટે તો ગંભીર વ્યવસાય છે. આયોજકો માટે પણ વ્યવસાય છે. સાઉન્ડ સિસ્ટમ સાથે સંકળાયેલાં લોકો માટે પણ મોટો બિઝનેસ છે. એટલે હસી હસીને આપણું પેટ દુઃખે પણ કોઈનું પેટ એનાથી ભરાય છે. એઓ કોમેડીના નામે કયારેક ગરબડ કરે. વળી ઓડિયન્સ સાચી કોમેડીને ખોટી સમજે એમાં વળી રાજનેતાઓને તેમાં પક્ષાપક્ષીની ગંધ આવે.

**ગંગાધરા - જમિયાતરામ હ. શર્મા**

## શાંતિ કઈ રીતે પ્રાપ્ત થશે

સમગ્ર મનુષ્યતા શાંતિ ઝંખે છે અને ઉપાયો અશાંતિ વકરે એવા કરે છે અને તે પણ પૂર્ણ શિક્ષિત તરફ ધખી રહેલ બુદ્ધિવાદી કહેવાતો માણસ છે ને અચરજ કોઇ ધર્મવાદ કોઇ જાતિવાદ કોઇ અર્થવાદ ને તો કોઈ યુદ્ધના ઉન્માદને વકરાવી માણસને માણસ સામે મૂકવાનું કામ કરી રહ્યાં હોવાનું અનુભવાઈ રહ્યું છે. સમગ્ર મનુષ્યતા અશાંત બની ચૂકી છે. શાંતિ આ રીતે પ્રાપ્ત થઈ શકશે ખરી? વળી કુદરત પણ પોતાનાં આયુધો,જળ, અગ્નિ, વાયુ, પૃથ્વી, આકાશ દ્વારા વિનાશકતા વેરી રહી છે. મનુષ્યતા ઈશારામાં સમજશે ખરી? લાગે છે કહેવાતા પ્રલયનો સમય નજીક આવી ચૂકયો છે. મનુષ્યતા શાંતિ અર્થે ઉપરોકત ઉપાયો અજમાવશો તો મનુષ્યતાને શાંતિ તો પ્રાપ્ત થશે પણ તે સ્મશાનવત્ કહેવાતી શાંતિને પ્રાપ્ત કરશે તે નક્કી.

**નવસારી – ગુણવંત જોષી**

## આજના રાજકરણીઓનો રંગ

સરકાર દ્વારા ખેડૂતોને સહાય આપવાની હાથી જેટલી જાહેરાત થાય છે અને કીડી જેટલું વળતર રાજ્ય સરકાર આપતી નથી એવા ફોલ્લા ફોડવા, આઝાદી પછીની સરકારોમાં દેશની વિરાસતોને બચાવવાનો, ટકાવવાનો કોઇ વિચાર યા રાજનીતિક ઈચ્છાશક્તિનો સદંતર અભાવ હોવાનું છાતી ઠોકીને કહેવું અને આરામપ્રિય લાગવગિયા હોદ્દો ભોગવતા નેતાઓને નિવૃત્ત કરી ઘરે બેસાડવા તથા પક્ષ માટે પરિશ્રમ કરતાં કાર્યકરોને મહત્ત્વ આપવું. ઝૂંપડામાં જઇ ફોટોશૂટ કરાવનારાને સંસદમાં કે વિધાનસભામાં કંગાલિયત પર વાત કરવી કંટાળાજનક લાગે છે એટલે આવાં લોકોને દીનહીનોની સમસ્યા પ્રત્યે કંઇ જ લેવાદેવા નથી એવું રોકડું પરખાવવું, ખુલ્લી જગ્યામાં શૌચ માટે જતી મહિલાઓ સાથે દુષ્કર્મ થઈ રહ્યાં છે પરંતુ હજુ સુધી યોગ્ય પ્રમાણમાં શૌચાલયો બનાવાયાં નથી એમ ગરજવું, અતિ પછાત અને ગરીબ લોકોની જમીનો હડપનાર જમીન માફિયાઓને ઊંધા લટકાવીને સીધા કરવાનું કામ ડબલ એન્જિનની સરકાર કરશે એમ ઉઘાડેછોગ જણાવવું આદિ આજકાલના રાજકારણીઓની પ્રવૃત્તિ અનુભવાય છે.

**અમદાવાદ – જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ**

## પશ્ચિમ બંગાળમાં સત્વરે રાષ્ટ્રપતિ શાસન લાદવું જોઇએ

હમણાં પ.બંગાળમાં ભયંકર હિંસક તોફાનો થવા પામ્યા છે. હિંસા ઉપર ઉતરી આવેલા લોકોએ એક ઘરમાં ઘુસીને બાપ અને દીકરાની હત્યા પણ કરી નાંખી. બંગાળનાં એક ગામમાંથી જીવ બચાવવા માટે કેટલાક લોકોએ ઉચાળા ભરવા માંડ્યા છે. બોર્ડર સિકયોરીટી ફોર્સનાં જવાનોએ મોરચો સંભાળી લીધો છે. રાજ્યનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી જાણે નિષ્ક્રિય હોય એવું લાગી રહ્યું છે.

કાયદો વ્યવસ્થા કથળવા લાગે ત્યારે કેન્દ્રને એમ લાગે કે હવે રાજ્ય સરકાર પહોંચી નથી વળે, અથવા સરકાર આંખઆડા કાન કરે ત્યારે કેન્દ્ર જે તે રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદે છે. 1974માં ગુજરાતમાં અનામત આંદોલન વખતે ગુજરાતમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવ્યું હતું. એ રીતે હવે મમતા બેનર્જીની સરકારને ઘરભેગા કરીને ત્યાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો સમય પાકી ગયો છે.

હરેક બાબતે મમતા બેનર્જી કેન્દ્ર સાથે વિરોધમાં જ ચાલતા હોય છે. અમુક હદ સુધી રાજ્ય સરકારનું આવું બેહુદુ વલણ ચલાવી લેવામાં આવતું હોય છે. હવે હદ થઇ ગઇ છે.

**સુરત - બાબુભાઈ નાઈ**